શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સંચાલિત

RNI NO. 6304 / 62

# પંચોલી નવયુગ



સપ્ટેમ્બર-૨૦૧૭ અંક - ૯

વર્ષ ૫૪ સળંગઅંક ૪૪૫

માસિક કિંમત-૧૦

વાર્ષિક લવાજમ-૧૦૦/-રૂ.

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : મલયકુમાર દિનેશકુમાર મિસ્ત્રી

# પ્રાર્થના

કલ્પનામાં રાચ્યુ હતું, એવુ જીવન ન મળ્યું.
રચવું હતું મનમોહક, એવું કવન ન મળ્યું.
મંજિલ એવી કઠણ મળી, કે કોકરોજ નિરંતર મળી.
સહારો એનો મળશે, એ ધારણા બે અસર મળી.
નિરાશાને ફગાવી દઈ, આશાના મિનારા રચ્યા.
કિંતુ ભાગ્યમાં કમનસીબી, ધારેલા મનોરથો તૂટયા.
તિમિરમાં દીપ પ્રગટાવી, કઠીન પંથે ચાલતા રહ્યા.
સમીરના સુસવાટા મહીં, દીપ બુઝાયો, ઠોકરો ખાતા રહ્યા.
પરમ કુપાળુને અંતિમ વિનંતી, પ્રાર્થના મુજ સુણજો
પ્રેમ થી મુજ હાથ ઝાલી, સુની મંજિલ ઉજાળજો.

હરીશભાઇ સી. પંચોલી-સુરત

# કિનારો

તું કહે તો વાંચી તારા પ્રેમ પત્ર લખતો રહીશ.
આગળ આવી વિશ્વાસ તારો સંપન્ન કરતો રહીશ.
તુ ના બોલે તો પણ હું બોલતો રહીશ..
તારા વિના વેરાન જીવનમાં તારો સાથ કરતો રહીશ.
હૈયાની વાત તને કરતો રહીશ
મારા વેરાન જીવનમાં તારો પ્રેમ સભર કિનારો કરતો રહીશ..
એકદમ વરસાદ તુટી પડ્યો. વા, વંટોળ વિજળી સાથે
વાદળોનો ફુગ્ગો તરત જ ફુટી ગયો.
ખીલ્યા અવનવા ફુલો જીવન બાગમાં
કરી પ્રેમનો સ્વીકાર તારો સાથ સહકાર કરતો રહીશ
એમ છતાં જીવનભર તારો કિનારો કરતો રહીશ..
મારૂ હૃદય એક ગગનમાં પ્રેમ સભર ભર્યું.
પાવન પવિત્ર નમો દેવી નર્મદાના ચરણમાં
તારો કિનારો પ્રેમથી કરતો રહીશ.
તારા વિના કોણ છે મારૂં એવી શુદ્ધ ભાવનાથી
એવી શુદ્ધ ભાવનાથી તારો કિનારો કરતો રહીશ

પરેશભાઇ એ. પંચોલી-વલ્લભ વિદ્યાનગર

# હીરક જન્મોત્સવ

## આનંદ ભયો......

## તા. ૧૫.૦૯.૨૦૧૭



**રાજેન્દ્રભાઈ જેકીશનદાસ મિસ્ત્રી-સુરત**

**રાજુને**
**જન્મદિવસની હાર્દિક વધાઈ....**
**ઈન્દુ તરફથી**

**પૂજ્ય પપ્પાને વર્ષગાંઠની શુભેચ્છાઓ...**

મનિષ મિસ્ત્રી - સુનિતા મિસ્ત્રી
ચેતન મિસ્ત્રી - મેઘના મિસ્ત્રી
આસિતા મિસ્ત્રી

**પૂજ્યદાદાને અમારા સૌના**
**હેપ્પી બર્થડે અને પાયલાગણ**

માનવ - માર્મિક - નંદિની - હેત્વી - આદિત્ય

24, પરમેશ્વર પાર્ક, ન્યુ રાંદેરરોડ, સુરત - ૩૯૫ ૦૦૯
મો. : ૯૮૯૮૧ ૩૭૯૦૯

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# સી.ટી.મિસ્ત્રી સ્મારક નિધિને

રૂા. ૧,૧૧,૧૧૧/- શૈક્ષણિક સહાય દાન

# મારા જીવન ઘડતરનાં શિલ્પીઓ

ના સ્મરણાર્થે

# ભાવભીની પિતૃવંદના



સ્વ. છગનલાલ મિસ્ત્રી (નાનાશ્રી)



સ્વ. મંછાબેન મિસ્ત્રી (નાનીશ્રી)



સ્વ. જેકીશનદાસ મિસ્ત્રી (કિકાભાઈ) પિતાશ્રી



સ્વ. દિવાળીબેન મિસ્ત્રી માતુશ્રી

## અર્પણકર્તા

**શ્રી રાજેન્દ્રભાઈ જે. મિસ્ત્રી તથા શ્રીમતિ ઈન્દિરાબેન આર. મિસ્ત્રી**

24, પરમેશ્વર પાર્ક, ન્યુ રાંદેરરોડ, સુરત - ૩૯૫ ૦૦૯ મો. : ૯૮૯૮૧ ૩૭૯૦૯



**શ્રી રાજેન્દ્રભાઈ જેકીશનદાસ મિસ્ત્રી**

**ની તા. ૧૫.૦૯.૨૦૧૭ના રોજ ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે**

**શતમ્ જીવમ્ શરદઃ ની હાર્દિક શુભેચ્છાઓ.....**

**આભાર..... આભાર.... આભાર....**

સુરત નિવાસી શ્રી રાજેન્દ્રભાઈ જેકીશનદાસ મિસ્ત્રી તરફથી તેઓના ૭૫મા જન્મ દિવસ નિમિત્તે સ્વ. સી.ટી.મિસ્ત્રી સ્મારકનિધિને રૂા. ૧,૧૧,૧૧૧/-ની ભેટ વ્યાજ વપરાશ માટે મળી છે. જેના વ્યાજની રકમ માત્ર શૈક્ષણિક હેતુ માટે તથા દર સપ્ટેમ્બર મહિનામાં નવયુગના અંકમાં શ્રદ્ધાંજલી પ્રકાશિત કરવાની શરતે દાન મળેલ છે...

શ્રી રાજેન્દ્રભાઈ જે. મિસ્ત્રી તથા શ્રીમતિ ઈન્દિરાબેન આર. મિસ્ત્રીનો સ્વ. સી.ટી.સ્મારકનિધિ તથા શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ આભાર વ્યકત કરે છે.

શ્રી ધવલભાઈ પંચોલી-અધ્યક્ષ
શ્રી નિશિકાંત મિસ્ત્રી-મંત્રી
સ્વ. સી.ટી.સ્મારકનિધિ

શ્રી હેમંતભાઈ સી. મિસ્ત્રી

શ્રી મનિષભાઈ પંચોલી-પ્રમુખ
શ્રી રાજેશભાઈ પંચોલી-મહામંત્રી
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

સપ્ટેમ્બ-૨૦૧૭

તમસો માં જ્યોતિર્ગમય
રજી. નં.: A/1822 ભરૂચ
RNI NO. 6304 / 62

-: પ્રકાશન સ્થળ :-

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઇલ્સ સામે, તાલુકા સેવા સદન પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

પ્રકાશન સામયિકતા : માસિક
પ્રકાશક તંત્રી નામ : શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું નામ :શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું સરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવેર પોઇન્ટ પાછળ, ડો. બેંક રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બીજનગર, અંકલેશ્વર

હુ દિનેશભાઇ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઇ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૩,૦૦૦/- |
| કલર પેજ (ફક્ત દિપોત્સવી અંક) | રૂા. ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂા. ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂા. ૮૦૦/- |
| પા પેજ | રૂા. ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-
(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-
(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | |
|---|---|
| **માસિક** | **રૂા. ૧૦/-** |
| **વાર્ષિક લવાજમ** | **રૂા. ૧૦૦/-** |

## તંત્રી નોંધ....

દિનેશભાઇ એમ. મિસ્ત્રી

સુજ્ઞ જ્ઞાતિજનો,

કુશળ હશો....

તા. ૨૭.૮.૨૦૧૭ના રોજ મળેલ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની બીલીમોરા મુકામે મળેલ સામાન્ય સભામાં મહામંડળ અને તેની સંલગ્ન સંસ્થાના હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવી. જેમાં સુરતના શ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રી મહામંડળના પ્રમુખ બન્યા અને એમની ટીમમાં નવયુગના તંત્રી તરીકે ફરીવાર મારી અને સહતંત્રી તરીકે શ્રી મલયકુમાર દિનેશભાઇ મિસ્ત્રીની પસંદગી કરી એ બદલ હું હેમંતભાઇ અને સામાન્યસભાનો આભારી છું. અમારામાં વિશ્વાસ મુકી ફરી સેવાની તક આપવા બદલ...

બીજુ જણાવતા આનંદ થાય છે કે શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળનું સુકાન ‘સમાજપિતા’ સ્વ. છગનલાલ ત્રિભોવનદાસ મિસ્ત્રીના પનોતા સુપુત્ર શ્રી હેમંતભાઇ મિસ્ત્રીએ સંભાળ્યું છે.. કહેવત છે ને કે ‘ બાપ કરતાં દિકરા સવાયા ’ માજી પ્રમુખ શ્રી ગિરિશચંદ્ર ગજ્જરે ૨૦૨૦માં વાયબ્રન્ટ પંચોલી સમાજનુ સેવેલું સ્વપ્ન સાકાર થશે...એ આશા અસ્થાને નથી.

દિવાળી નજદીક આવી રહી છે, દરેક એકમને પત્રો દ્વારા નવયુગની જાહેરાત એકત્ર કરવાની વિનંતી કરવામાં આવી છે... સૌને વિનંતી ન હોય, આતો સર્વે જ્ઞાતિજનોની ફરજ છે નવયુગમાં પોતાની જાહેરાત આપવાની. હવે દરેક એકમના હોદ્દેદારો અને મહામંડળના હોદ્દેદારો પોતાની જાહેરાત આપે તો બીજા જ્ઞાતિજનો પણ આપે ને ? તો જેમ બને એમ આપના એકમમાં દરેક જ્ઞાતિજનોનો સંપર્ક કરી આપલ મર્યાદામાં તંત્રીશ્રીને આપની જાહેરાત મોકલવા વિનંતી... અને આપને જાહેરાત મળે કે તરત મોકલી દેશો... જેથી ટાઇપસેટીંગ, પ્રુફ રીડીંગ અને પછી પ્રીન્ટીંગ અને બાઇન્ડીંગમાં વધુ સમય જાય છે. આથી સહકાર આપવા વિનંતી... અસ્તુ

# પ્રમુખ નોંધ.....



**શ્રી હેમંતભાઈ છગનલાલ મિસ્ત્રી**
**પ્રમુખઃશ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ**

વ્હાલા જ્ઞાતિજનો, વડીલો, મહિલાઓ અને યુવા મિત્રો

તા. ૨૭.૦૮.૨૦૧૭ને રવિવારના રોજ બીલીમોરા મુકામ મળેલ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની સામાન્ય સભામાં આપ સૌની સહમતીથી અને સહકારથી શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળનું સુકાન નવી ટીમ સાથે સંભાળ્યું. અમોને મળેલ આ નવી જવાબદારી બદલ હું અને તમામ સંસ્થાના વરાયેલા હોદ્દેદારો આપના આભારી છીએ.

આપણું મહામંડળ હવે ૫૭ વર્ષનું થયું, આ સફર દરમ્યાન અનેક મહાનુભાવો એ તેની સેવા કરી અને પોતાની અમીટ છાપ છોડતા ગયા. સ્વ. શાંતિલાલ નાથુભાઇ પંચોલી કે જેમના માર્ગદર્શન હેઠળ મે ૧૯૮૬-૮૭માં મહામંડળમાં પદાર્પણ કર્યુ અને આજનો દિવસ, મને અનેક મહાનુભાવો સાથે કામ કરવાનો લાભ મળ્યો છે તેના સથવારે તથા મહામંડળના પ્રથમ પ્રમુખ શ્રી વિઠ્ઠલકાકાથી માંડી હાલમાં જ નિવૃત્ત થતા પ્રમુખ શ્રી મનિષભાઇ પંચોલીએ કંડારેલ કેડીને અનુસરવાની કોશીષ કરીશું તો કયાંક કેડી ચાતરવાની પણ કોશીષ કરીશું. આ પ્રસંગે સમાજપિતા સ્વ. છગનલાલ ત્રિભોવનદાસ મિસ્ત્રીની યાદ આવવી સ્વાભાવિક છે.

નિવૃત્ત થતા પ્રમુખ શ્રી મનિષભાઇ પંચોલી અને તેમની ટીમે છેલ્લા ૪ વર્ષમાં ખૂબ જ સારી નિર્વિવાદ કામગીરી કરી છે. મનિષભાઇ હજી પણ અમારી સાથે જ મહામંડળના ઓફિસ બેરર્સમાં ઈમીજીયેટ પાસ્ટ પ્રેસીડન્ટ તરીકે કાર્ય કરશે અને તેઓના અનુભવનો લાભ અમોને મળતો રહેવાનો છે, જે આનંદનો વિષય છે. તો સામે ઘણા અનુભવી કાર્યકર્તાઓ પોતાના બીઝી શીડીયુલ હોવાનું કારણ આપી હોદ્દાથી દૂર રહ્યા છે. તેઓનો સાથ સહકાર પણ મળતો રહેશે એવી અપેક્ષા...

અમો ચોકકસ કાર્યપ્રણાલીને અનુસરતા શકય એટલી વધુ ટ્રાન્સપરન્સી, સૌનો સાથ-સહકાર, અને તમામ એકમોની એકટીવ પાર્ટનરશીપ મહામંડળને અને મહામંડળના તમામ કાર્યક્રમમાં જોવા મળે એવી અપેક્ષા છે, જે એકમો સંવાદના અભાવે કે અન્ય કારણોસર મહામંડળથી થોડા અંતરે છે તે સૌ સાથે આવે એવી મારી ઈચ્છા અને અભ્યર્થના છે..

તમામ જ્ઞાતિજનો તથા કાર્યકર્તાઓના પોઝીટીવ સૂચનો આવકાર્ય છે. અમો તમામ પોઝેટીવ સૂચનોનો શકય એટલો અમલ કરવાની કોશીષ કરીશું, અમોને આપ પાસેથી સૂચનો જ નહીં પરંતુ સોલ્યુશન સહીતના સૂચનોની અપેક્ષા છે.

આખા વર્ષ દરમ્યાન ૨-૩ કારોબારી કરવાની ગણત્રી છે, જેમાં માત્ર સમાજ ઉપયોગી ચર્ચા થાય, દરેક સંસ્થાના નવા વરાયેલા હોદ્દેદારોને વિનંતી છે કે પોતાની સંસ્થા માટે વર્ષ દરમ્યાન કરવા ધારેલ નવા કાર્યોના શીડયુલ બનાવે અને અનુસરે, અમોને મહીલા મંડળની નવી કમીટી પાસેથી ઓછામાં ઓછા એક પોગ્રામની અપેક્ષા છે, તો સ્વયંને સિદ્ધ કરી ચુકેલા સ્વયં પાસે સૌને અપેક્ષા હોય એ સ્વાભાવિક છે. સ્વ. સી.ટી.મિસ્ત્રી સ્મારક નિધિ પણ છેલ્લા ટેન્યોરથી એકટીવ થઇ અન્ય કાર્યક્રમો કરે છે એ પણ ચાલુ રહે એ ઈચ્છનીય છે, સમાજ સુરક્ષા નવા રૂપમાં કાર્ય કરે વધુ સારું કામ કરે, તબીબી સેવા સંકુલ અને નવયુગ પોતપોતાની જગ્યાએ સ-રસ કામ કરી રહ્યાં છે પરંતુ તબીબી સેવા સંકુલ એકાદ મેડીકલ કેમ્પ આયોજીત કરે એ હવે જરૂરી છે. આ બધા કામ માટે ફંડ જરૂરી છે, મહામંડળની સુવર્ણ જયંતિ નિમિત્તે શરૂ કરેલ ‘સ્વર્ણિમ ફંડ’ યોજના અને અન્ય ફંડ રેઈઝીંગ યોજના આપણે આગળ ધપાવીશું..

મહામંડળની તા. ૨૭.૮.૨૦૧૭ની બીલીમોરા મુકામે મળેલ સામાન્ય સભામાં મને એક ખૂબ જ મોટી આશાનું કિરણ નજરે આવ્યું અને તે છે સ્વયં બીલીમોરા, સમગ્ર સભાનું સંચાલન સ્વયં બીલીમોરાએ શ્રી કિશોરભાઇ, શોભાબેન અને જરૂર પડી ત્યાં મહામંડળના ઉપપ્રમુખ શ્રી મુકેશભાઇનું ગાઇડન્સ લીધું, વેલ મેનેજડ પોગ્રામ, અભિનંદન સ્વયં ટીમ બીલીમોરાને...

બાકી તો સુરતના ખ્યાતનામ ગઝલકાર ગની દહીંવાલાની ચાર લાઇનમાં મારી વાત સમાય જાય છે...

ન ધરા સુધી, જ ગગન સુધી
નહીં ઉન્નતી ના પતન સુધી
આપણે તો જવું છે બસ
એક-મેકના મન સુધી

મહામંડળની આ સફરમાં આપના મનના કોક ખૂણામાં એક નાનકડી જગ્યા બનાવવાના અરમાન સહિત.... અસ્તુ.

---

# વિદાયની વેળાએ....



**મનિષભાઇ એમ. પંચોલી**
માજી પ્રમુખ
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

સુજ્ઞ જ્ઞાતિજનો,

મારી ઉનાઇ મુકામે તા. ૨૧.૦૭.૨૦૧૩ના રોજ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના પ્રમુખ તરીકેની વરણી કરવામાં આવી. ચાર વર્ષથી ઉપરના સમયગાળામાં વિવિધ એકમોના જ્ઞાતિજનો તરફથી અપાર સ્નેહ પ્રાપ્ત થયો. મારી ટીમના દરેક મિત્રો તરફથી ખૂબ જ સુંદર સહકાર પ્રાપ્ત થયો. 'વિના સહકાર નહિ ઉદ્ધાર' કહેવત મુજબ જો જ્ઞાતિજનો અને સાથી મિત્રોનો સાથ-સહકાર ન મળ્યો હોત તો આજે આપણે ચાર વર્ષમાં સમાજની વિવિધ પ્રવૃત્તિ ન કરી શક્યા હોત. આ કામગીરી મેં નહિ પણ સમસ્ત પંચોલી સમાજ ભેગો થઇ કરી છે. આ કામગીરી પાછળ મુખ્ય ભાગ ભજવનારા દાતાઓને ન ભુલી શકાય. હું આ તબક્કે દરેક એકમના જ્ઞાતિજનો, મારી ટીમને આર્થિક સહકાર આપનાર દાતાશ્રીઓ અને મારા સાથી મિત્રો અને તેમાં મને દરેક વખતે દરેક કામગીરીમાં સહકાર આપવા તત્પર રહેતા એવા વડીલશ્રી ડૉ. મહેશભાઇ મિસ્ત્રી, વ્યારાનાં મારા મિત્રો એવા શ્રી ભરતભાઇ પંચોલી, શ્રી નવિનભાઇ પંચોલી, શ્રી સુમનભાઇ મિસ્ત્રી, શ્રી નિતિનભાઇ ગાંધી તથા મારા સમયના મહામંત્રી શ્રી ચંદ્રકાંતભાઇ તથા રાજેશભાઇ તથા મારી ટીમ વ્યારાનો હૃદય પૂર્વક આભાર માનું છું.

આ ચાર વર્ષના સમયગાળામાં આપણે યુવાનો માટે 'આકાંક્ષા-૨-ખેલ મહાકુંભ અંકલેશ્વર મુકામે યોજી શક્યા. ત્યારબાદ સુરત મુકામે સ્વયં સુરત તથા સુરત ટીમ દ્વારા 'ઉડાન' કાર્યક્રમ યોજી શક્યા, વ્યારા મુકામે શ્રી પ્રગતિ મહિલા મંડળ દ્વારા 'પ્રગતિના પંથે નારી'નો મહિલા કાર્યક્રમ યોજાયો. યુકે.ના કેટલાક મિત્રોના સહયોગથી વિધવા નિરાધાર ભાઇ-બહેનોને 'અક્ષરધામ' ગાંધીનગર, મહુડી, ખેડબ્રહ્મા, અંબાજી, શામળાજી, ડાકોર અને સારસાનો પ્રવાસ કરાવ્યો. નવસારી ટીમ દ્વારા યુવાનો માટે ક્રિકેટ ટુર્નામેન્ટ અને ત્યારબાદ ફરીથી ઉડાન-૨નું સફળતા પૂર્વક આયોજન આપણે કરી શક્યા.. યુવાનો માટે સાપુતારાનો એક દિવસીય પ્રવાસનું આયોજન સ્વર યુથ વ્યારાના સહકારથી કર્યુ. આ માટે સહકાર આપનાર દરેક ટીમનાં કાર્યકરો અને દાતાઓનો આ તબક્કે આભાર માનું છું..

વિધવા બહેનોના પ્રવાસ દરમ્યાન મારા સાથી મિત્રો ડૉ. મહેશભાઇ, સુમનભાઇ, ભરતભાઇ તથા નવિનભાઇ તથા ટીમ વ્યારાના કાર્યકરો સાથે પ્રવાસ દરમ્યાન બેંકના વ્યાજના દરો ક્રમશઃ ઘટતા રહેશે તો આપણે આપણાં જરૂરીઆતમંદ જ્ઞાતિજનોને પૂરતાં પ્રમાણમાં મદદરૂપ થઇ શકીશું નહિં એવી દહેશત અંગે ચર્ચા વિચારણા કરતાં મહામંડળની ૫૦ વર્ષની મંઝીલ પૂરી કર્યાની યાદમાં 'સ્વર્ણીમ ફંડ' ની રચના કરવાનો વિચાર ઉદ્ભવ્યો. આ ફંડમાં જો જ્ઞાતિજનો વ્યાજ વપરાશ ફંડ તરીકે દાન આપે તો તેનો સ્વીકાર કરવો અને દાતાઓ પાસે પોતાની મુડી રાખે અને ૫ વર્ષ સુધી રૂા. ૧૦૦૦/- રૂા. ૨૦૦૦/- અને રૂા. ૫૦૦૦/-નું દાન દર વર્ષે ૫ વર્ષ સુધી આપે તો તેમાંથી જે ફંડ ભેગુ થાય તેમાંથી ૨૫% રકમ વિધવા

સહાયમાં, ૨૫% રકમ શૈક્ષણિક સહાયમાં અને ૨૫% રકમ મેડિકલ સહાયમાં આપવી એવું નકકી કરવામાં આવ્યું. જેને લીધે આપણે આપણાં જરૂરીઆતમંદ જ્ઞાતિજનોને પુરતા પ્રમાણમાં નહીં પરંતુ વ્યાજબી રીતે મદદરૂપ થઇ શકયા છે. બાકી રહેલ ૨૫% રકમમાંથી સામાજીક પ્રવૃત્તિઓ જેવી કે યુવાન સંગઠન, મહિલા મંડળ તથા સામાન્ય સભા યોજવા માટે યોગ્ય મદદ આપણે કરી શકીએ અને તેમાં આપણને ઉત્તરોત્તર વધારો કરતાં આવ્યા. આ ફંડની જયારે રચનો કરવામાં આવી ત્યારે મારો ટરગેટ રૂા. ૧૦ લાખ દર વર્ષે ભેગા થાય એવો હતો. તો જ આપણે યોગ્ય મદદ કરી શકીએ. વ્યારાના શ્રીમતિ ગીતાબેન તથા જયેશભાઇ મોહનલાલ ગાંધી દ્વારા તેમના માતુશ્રી-પિતાશ્રીની યાદમાં સમાજને મદદરૂપ થવા મારા સમયમાં સૌથી મોટું દાન રૂા. ૫ લાખ સ્વ. જશુમતીબેન અને સ્વ. મોહનલાલ ખુશાલદાસ ગાંધી સ્વર્ણિમ વ્યાજ વપરાશ ફંડ તરીકે આવ્યા. સાથે સાથે યુકેના શ્રી અશોકભાઇ પંચોલી દ્વારા તેમના સ્નેહીજનોની યાદમાં વ્યાજ વપરાશ ફંડ છે તેમાં દર વર્ષે રકમનો ઉમેરો કરી ફંડ મોટું બનાવ્યું આ ઉપરાંત બીજા અન્ય દાતાઓ તરફથી પણ પૂરતો આર્થિક સહકાર આપી અમારા સમયગાળાનાં વિવિધ વ્યાજ વપરાશ ફંડમાં રૂા. ૨૪,૭૫,૫૦૦ની રકમનો ઉમેરો કરવામાં આવ્યો. દરેક દાતાનો હું અંતઃકરણ પૂર્વક આભાર માનું છું. સાથે સાથે સ્વર્ણિમ ફંડની રકમ દર વર્ષે રૂા. ૩ લાખની આસપાસ મળી છે જે આપણા ટાર્ગેટ કરતાં બહું જ ઓછી છે. આ કાર્યમાં ઘણા એકમોનો સુંદર સહકાર મળ્યો જયારે મોટા એકમનો સહકાર નહિવત પ્રાપ્ત થયો. મિત્રો જો આ ફંડમાં ટાર્ગેટ મુજબ સહકાર પ્રાપ્ત કરી શકયા હોત તો વ્યાજનાં દર ગમે તેટલા નીચા આવે તો પણ આપણે આણા જ્ઞાતિજનોને મદદ રૂપ થઇ શકીએ.

પાલ વિભાગમાં અધિવેશન અને રાજપીપલા એકમમાં ક્રિકેટ સ્પર્ધા રાખવા માટે વારંવાર વિનંતી કરવા છતાં ત્યાંના કાર્યકરોનો સહકાર પ્રાપ્ત ન થયો અને આપણે આ બે કાર્યક્રમો ન કરી શકયા. વિધવા બહેનોને સ્વનિર્ભર બને એ માટે ટહેલ નાંખતાં સ્વ. ઉષાબેન હિમાંશુભાઇ ગજ્જર અને સ્વ. હસુમતીબેન હસમુખલાલ ગજ્જરનાં સ્મરણાર્થે ચિ. અનંત અને ગજ્જર ફેમીલી તરફથી ૫ સીલાઇ મશીન આપવામાં આવ્યા. હું આ તબકકે શ્રી અનંત હિમાંશુભાઇ ગજ્જરનો આભાર વ્યકત કરું છું.

યુવા મિત્રોએ સમાજ સેવા માટે આગળ આવવું જોઇએ. યુવા સંગઠન હજી વધુને વધુ કાર્યરત થાય તે માટે ભાર મૂકવો જોઇએ. મહિલા સંગઠન પણ વધુ સક્રિય થઇ સમાજના કુરિવાજોને તીલાંજલી આપવા આગળ આવવું જોઇએ. તથા વ્યસન મુકિત, શિક્ષણ માટે વધુ વિદ્યાર્થી મિત્રોને જાગૃત કરવા જોઇએ. શિક્ષણ શિબિર સમયાંતરે થવી જોઇએ. સમૂહ લગ્ન માટે વ્યારા એકમ સાથે આયોજન કર્યુ પરંતુ સમાજમાં જાગૃતિનો અભાવ ગણો કે કોઇ કારણોસર આપણે સમૂહલગ્ન કરી શકયા નથી. સમૂહ લગ્ન થાય એવી ઇચ્છા રાખું છું.

તમામ ટીમ જો ઉત્સાહથી કાર્ય કરે તો કામ કરવાની ઓર જ મઝા આવે છે. અંતે મારી દરેક ટીમના દરેક મિત્રોનો હું ફરીથી અંતઃકરણ પૂર્વક આભાર વ્યકત કરું છું. આપણે સૌ ભેગા મળી સમાજ સેવા કરવાની સુંદર તક પ્રાપ્ત કરી શકયા છીએ. આવનારી ટીમને પણ સુંદર સહકાર પ્રાપ્ત થાય તે માટે હું દરેક જ્ઞાતિજનોને વિનંતી કરું છું. મારા કાર્યકાળ સમય દરમ્યાન સૌને સાથે લઇ ચાલવાનો હંમેશા પ્રયત્ન કરેલ છે. અને એમાં સફળતા પ્રાપ્ત થયાનો આનંદ છે. છતાં મારાથી કોઇ એકમ કે કોઇ જ્ઞાતિજનોના દિલને દુઃખ પહોંચ્યું હોય તો આ તબકકે હું ક્ષમા માંગું છું. સમાજ સેવાની ભાવના હંમેશા મારા દિલમાં રહેશે અને સૌ જ્ઞાતિજનોનો સ્નેહ, યુવા મિત્રોનો સહકાર અને વડિલોના આર્શીવાદ હંમેશા પ્રાપ્ત થતાં રહેશે એવી આશા રાખું છું. ફરી હું સૌ જ્ઞાતિજનો, દાતાઓ સાથી મિત્રોનો આભાર વ્યકત કરું છું....

જય પંચોલી સમાજ.....

## સ્વર્ણિમ ફંડ



વડોદરા નિવાસી ડૉ. સૂર્યકાંતભાઇ એમ. પંચોલી તરફથી
એમની ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે
'સ્વર્ણિમ ફંડમાં રૂા. ૫,૦૦૦/- મળ્યા છે...
દાતાશ્રીનો આભાર......

# મહામંત્રી નોંધ......

સુજ્ઞ જ્ઞાતિજનો,

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની સામાન્ય સભા તા. ૨૭.૦૮.૨૦૧૭ને રવિવારના રોજ બીલીમોરા ખાતે પ્રમુખ શ્રી મનિષભાઇ એમ. પંચોલીના અધ્યક્ષ સ્થાને મળી. સારી સંખ્યામાં જ્ઞાતિજનો હાજર રહી વિવિધ નિર્ણયોમાં ચર્ચા વિચારણા કરી નિર્ણયો લેવામાં આવ્યા હતાં.

સામાન્ય સભામાં સર્વાનુમતે નવા હોદ્દેદારોની તથા ૫ નવા ટ્રસ્ટીની નિમણૂંક કરવામાં આવી હતી. નવી વરાયેલ ટીમની વિગત નવયુગમાં અન્યત્ર પ્રકાશિત કરી છે.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ તરફથી આપવામાં આવતી વિવિધ સહાય ચાલી આવતા ફોર્મ મુજબ ભરવાના રહેશે... ફોર્મ ભરવાની સમય મર્યાદા ઓછી મળશે અને સહાયો આપતા પણ થોડુંક મોડુ થશે એ બદલ દરગુજર કરશો.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના મહામંત્રી તરીકેની જે ફરજ અદા કરવા મારામાં વિશ્વાસ મુકયોએ બદલ આપ સર્વેનો હાર્દિક આભાર વ્યકત કરું છું. આપ સર્વેના સાથ સહકારથી તમે સૌએ મારામાં મુકેલ વિશ્વાસને સંપૂર્ણ પણે યોગ્ય રીતે પૂર્ણ કરવાની કોશીષ કરીશ... અસ્તુ..

નીશીકાંત બી. મિસ્ત્રી-મહામંત્રી
શ્રી પંચોલી સેવા સમાજ, મહામંડળ




# વેબસાઈટ

સુજ્ઞ જ્ઞાતિજનો,

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની સામાન્ય સભા તા. ૨૭.૦૮.૨૦૧૭ને રવિવારના રોજ મળેલ તેમા મારી વરણી વેબ-સાઇટના એડમીન તરીકે કરવામાં આવી તથા મારા કો-એડમીન તરીકે સુરતના શ્રી દિપેશભાઇ એ. મિસ્ત્રીનો સાથ મળ્યો. અમોને મળેલ આ નવી જવાબદારી બદલ અમો પ્રમુખશ્રી હેમંતભાઇ અને સામાન્ય સભાના આભારી છીએ.

અગાઉના એડમીન શ્રી હેમંતભાઇ સાથે મને કામ કરવાનો અને મારા રસના વિષય એવી વેબ-સાઇટને હજી વધુ ઉંચાઇએ લઇ જવા કટીબદ્ધ છીએ.

મિત્રો હજુ ઘણાં એકમો વેબ સાઇટ પર સક્રિય નથી. મારા માનવા મુજબ સૌ વોટસ એપ વાપરતા જ હશે અને તેમાં પોતાનો ડીપી પણ રોજ નહીં તો અઠવાડીએ તો બદલતા જ હશો, તો પછી વેબ સાઇટમાં આપના ફોટાની જગ્યા ખાલી કેમ ? માત્ર બે મિનિટ ફાળવી આપનો સુંદર ફોટો વેબસાઇટ પર તમારી પ્રોફાઇલમાં અપલોડ કરશો અને કંઇ પણ મુશ્કેલી આવે તો અમોને ફોન કરી શકો છો.

નવયુગ માટે અમોએ વેબ-સાઇટના હોમ પેજ પર ખાસ જગ્યા ફાળવી છે જેથી આપ મલ્ટી કલરમાં ઇચ્છો ત્યારે અને જે અંક વાંચવો હોય તે વાંચી શકો છો, વિદેશમાં વસતા આપણાં જ્ઞાતિજનો પણ એટ એ સેઇમ ટાઇમ નવયુગ વાંચી શકે અને તે પણ મલ્ટી કલરમાં, આ માટે અમારે સર્વર પર વધુ જગ્યા ખરીદવી પડી છે, આપ સૌ જાણો છો તેમ વેબ સાઇટના સેલ્ફ સ્ટેઇન છે અને રહેશે તેની હું ખાત્રી આપું છું. આપ વેબ-,ર નવયુગ વાંચવા માંગો છો કે કેમ ? આપની ફિડબેકની અપેક્ષા છે...

વેબ સાઇટમાંથી વિદાય લઇ જવાબદારીનું કાર્ય કરવા જઇ રહેલ એડમીન શ્રી હેમંતભાઇનું માર્ગદર્શન અમોને મળતું રહેશે એવી અપેક્ષા...

શ્રી પ્રતિકભાઇ પી. પંચોલી-એડમીન(૯૫૮૭૦ ૮૮૧૭૨
શ્રી દિપેશભાઇ એ. મિસ્ત્રી-કો-એડમીન(૮૮૬૬૮ ૧૦૦૪૫)
વેબ સાઇટ

# શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
# કારોબારી કમિટિ વર્ષ ૨૦૧૭-૨૦૨૦

| | | |
|---|---|---|
| પ્રમુખ | : | શ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રી-સુરત |
| ઉપપ્રમુખ | : | શ્રી મુકેશભાઇ પરમાનંદભાઇ પંચોલી-મુંબઇ |
| તત્તકાલીન માજી પ્રમુખ | : | શ્રી મનીભાઇ મોહનલાલ પંચોલી-વ્યારા |
| મહામંત્રી | : | શ્રી નિશીકાંત બી. મિસ્ત્રી-સુરત |
| સહમંત્રી | : | શ્રી દેવાંગભાઇ પી. પંચોલી-વડોદરા |
| ખનજાચી | : | શ્રી ઉમેશ બી. પંચોલી-સુરત |
| ફાયનાન્સ એડવાઝરી કમિટિ | : | ડૉ. મહેશભાઇ એમ. મિસ્ત્રી, અંકલેશ્વર-સભ્ય |
| | | શ્રી કમલેશભાઇ હસમુખલાલ ગજ્જર, સુરત-સભ્ય |
| | | શ્રી કિરણભાઈ એમ. પંચોલી, મુંબઇ-સભ્ય તથા ઑફિસ બેરર |
| પંચોલી નવયુગ | : | શ્રી દિનેશકુમાર એમ. મિસ્ત્રી, અંકલેશ્વર-તંત્રી |
| | | શ્રી મલય મિસ્ત્રી,અંકલેશ્વર-સહતંત્રી |
| સ્વ.સી.ટી. મિસ્ત્રી સ્મારક નિધિ | : | શ્રી ધવલ જયંતીભાઇ પંચોલી, સુરત-અધ્યક્ષ |
| | | શ્રી દક્ષય.પી.ગજ્જર, સુરત-મંત્રી |
| સમાજ સુરક્ષા યોજના | : | શ્રી નવિનભાઇ સી. પંચોલી, વ્યારા-અધ્યક્ષ |
| | | શ્રી રાજેશભાઇ પી .ગાંધી, સુરત-મંત્રી |
| | | શ્રી કિશોરભાઇ એન. મિસ્ત્રી, બીલીમોરા-સહમંત્રી |
| તબીબી સેવા સંકુલ | : | ડૉ. વિસ્મય મહેશભાઇ મિસ્ત્રી, અંકલેશ્વર-અધ્યક્ષ |
| | | શ્રી પારસ એમ. મિસ્ત્રી, અંકલેશ્વર-મંત્રી |
| મહિલા સંગઠન | : | શ્રીમતી શોભાબેન કિશોરભાઇ મિસ્ત્રી, બીલીમોરા-અધ્યક્ષા |
| | | શ્રીમતી જ્યોતિબેન સુભાષભાઇ પંચોલી, વડોદરા-કો.ઑર્ડીનેટર |
| વેબસાઇટ | : | શ્રી પ્રતિક પી.પંચોલી, સુરત-એડમીન |
| | | શ્રી દિપેશ એ. મિસ્ત્રી સુરત-કો.ઑર્ડીનેટર |
| યુવા સંગઠન | : | શ્રીમતી મૃદુતા પ્રતિક પંચોલી, સુરત-અધ્યક્ષા |
| | | શ્રી પ્રણવ એમ.પંચોલી, નવસારી-કો.ઑર્ડીનેટર |
| | | શ્રી પરાગભાઇ એન. મિસ્ત્રી, મુંબઇ-કો.ઑર્ડીનેટર |

## ટ્રસ્ટી મંડળ

| | |
|---|---|
| ડૉ. મહેશભાઇ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર | ડૉ. ભૂપેન્દ્રભાઇ સી. પંચોલી-મુંબઇ |
| શ્રી પ્રશાંતભાઇ વિ. ગાંધી-વ્યારા | શ્રી મનિષભાઇ એમ. પંચોલી-વ્યારા |
| શ્રી નવિનભાઇ વિ. પંચોલી-વ્યારા | શ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રી-સુરત |
| શ્રી ભરતભાઇ સી. પંચોલી-વ્યારા | શ્રી મુકેશભાઇ પરમાનંદભાઇ પંચોલી-મુંબઇ |
| શ્રી કિરણભાઇ ઓ. પંચોલી-મુંબઇ | શ્રી નિશીકાંત બી. મિસ્ત્રી-સુરત |
| શ્રી ગિરીશચંદ્ર આઇ. ગજ્જર-સુરત | શ્રી દેવાંગભાઇ પી. પંચોલી-વડોદરા |
| શ્રી ચંદ્રકાંત જે. પંચોલી-રાજપીપલા | શ્રી ઉમેશ બી. પંચોલી-સુરત |



Shaadi.com

| | | |
|---|---|---|
| નામ | : | **જાનકી મનિષ મપારા** |
| દાદા | : | સ્વ. બાબુભાઇ રામલાલ મપારા |
| દાદી | : | ગં.સ્વ. પુષ્પાબેન બાબુભાઇ મપારા |
| પિતા | : | ડૉ. મનિષ બાબુભાઇ મપારા |
| માતા | : | દામિની મનિષ મપારા |
| જન્મ તા. | : | ૦૨.૦૮.૧૯૯૩ જન્મ સ્થળ : વડોદરા |
| ઉંચાઇ | : | ૫'.૩'' |
| અભ્યાસ | : | M.Com.(2nd rank in M.S.University-Vadodara) |
| બહેન | : | મનાલી મનિષ મપારા<br>અભ્યાસ (B.D.S.) |
| જન્માક્ષર | : | માને છે. |
| સરનામું | : | સી-૨૯, શિવાંજલી સૌસાયટી,<br>યશ કૉમ્પલેક્ષ પાછળ, ગૌત્રીરોડ,<br>વડોદરા-૩૯૦૦૨૧ |
| સંપર્ક | : | ૯૪૨૬૯ ૮૩૬૦૯ |

## પ્રથમ પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલી



**સ્વ. વિનોદકુમાર ગુલાબદાસ મિસ્ત્રી**
**સ્વર્ગવાસ : ૨૯.૦૯.૨૦૧૬**

**અર્પણકર્તા**

ગં.સ્વ. ત્રિવેણીબેન વિનોદકુમાર મિસ્ત્રી
શ્રી વિશાલ વિનોદભાઇ મિસ્ત્રી
શ્રીમતિ પલ્લવી વિશાલ મિસ્ત્રી
ચિ. વિહાન

બીલીમોરા

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના નામે વ્યારા શાખાની બેંક ઑફ બરોડાનાં સેવિંગ્સ ખાતા નં.

**02690100010065 IFC**

**Code BARBO VYARAX**

માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...

પ્રમુખશ્રી - મનિષભાઇ એમ. પંચોલી-વ્યારા

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા **'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગ** ના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર

**SB 014710003655 IFSC**

**code BKDN0210147**

માં જમા કરાવો અને

**કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...**

તંત્રી-દિનેશભાઇ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર

## પ્રથમ પૂણ્યતિથિએ
# હાર્દિક શ્રધ્ધાંજલી



**સ્વ. જીતેન્દ્ર જીવણલાલ પંચોલી**
**જન્મ : ૧૩.૦૭.૧૯૪૯**
**સ્વર્ગવાસ : ભાદરવા વદ ત્રીજને સોમવાર ૧૯.૦૯.૨૦૧૬**

સ્નેહ, સ્વાપર્ણ અને સેવાના સદ્‌ગુણોથી અમારા જીવનમાં સંસ્કારનું સીંચન કર્યુ.
પરિશ્રમ, પરમાર્થ અને પરોપકારની ઉંચી ભાવનાથી અમને સદૈવ પ્રેરણા આપી.
એવા દિવ્યાત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમ શાંતિ આપે
એજ પ્રાર્થના....

## અર્પણકર્તા

ગં.સ્વ. અરૂણાબેન જીતેન્દ્રભાઇ પંચોલી
રીંકુ રાકેશ પંચોલી - નૂતન વિહાર પંચોલી
અર્ચના હિમાંશુ પંચોલી
ચિ. પ્રાચી - દેવ - શ્રીલ - પ્રિન્સી

૨૯-બી, અંબિકાનગર સો.-૨, છાણી જકાતનાકા, ભગીરથ સોસાયટી પાછળ,
વડોદરા - ૩૯૦ ૦૨૪
મો. ૯૮૯૮૨ ૭૪૦૩૬

# માંગવું કે આપવું ?

સાભાર : બાલકૃષ્ણ મહેતા

સંત તુકારામનું જીવન, જીવનની તડકી છાંયડીથી ભરપૂર હતું. આર્થિક સંકડામણ, પ્રતિકૂળ અને કર્કશ પત્ની, બહોળું કુટુંબ, ખેતી કે નોકરીમાં નિષ્ફળ.. વિગેર...વિગેરે ઘણી તકલીફો હતી. આ બધુ જોઇને સમાજના લોકો કહેતા કે : તુકારામ તમે આટલી ભકિત કરો છો તો ભગવાન તમને દર્શન પણ દેતા હશે, તો એની પાસે એક બે વરદાન માગી લેતા હો તો કેવું સારું ? તુકારામ કહે : વાત તો ખરી પણ શું કરુ ? ભગવાન મળે છે ત્યારે કશું માંગવું જોઇએ એ વાત જ યાદ આવતી નથી. તુકારામને થતું , આ માંગણીયા લોકોને કયાંથી સમજાય કે ભગવાનનું મંદિર એ કંઇ માંગણીના રોદણાં રડવાની જગ્યા નથી. જેને ભગવાન મળે તેને બીજું શું જોઇએ ? વૈદિક ઋષિએ જે શાસ્ત્રશુદ્ધ ભકિત સમજાવી છે તે જીવન વિકાસ કરીને પ્રભુને ગમતાં થવા માટે જ છે. અને ભગવાનને ગમતાં થવું હોય તો પેલા મહાપુરુષ સમજાવે છે તેમ જીવનમાંથી સ્વાર્થ માટે રડવાનું અને માંગવાનું બંધ થવું જોઇએ.. માંગવાનું જ હોય તો જીવન વિકાસ માટે, બુદ્ધિ, શ્રદ્ધા, આત્મવિશ્વાસ અને મન પ્રભુના ચરણોમાં સ્થિર થાય તેવી વૃત્તિ વિગેરે માંગીએ.. તો ભગવાન પણ હરખાઇ જાય..

જો કે ભગવાન પાસે પણ શા માટે માંગવું ? એવું વૈદિક ઋષિ પણ આજના યુગમાં પણ આપણને પૂછે. ન માંગતાં અને ઇચ્છા ન કરતાં પણ, જે ભગવાન આપણી બધી જ આવશ્યકતાઓનો ખ્યાલ રાખે છે. તેમણે આપણાં શરીરમાં રહીને દિન રાત આપણી કાળજી રાખે છે તેની પાસે જ માંગવું ? તે એની ઉપેક્ષા અને અનાદર નથી ? માનસશાસ્ત્ર અને સમાજ શાસ્ત્ર આધારિત આપણું ધર્મશાસ્ત્ર કહે છે કે સંપૂર્ણ ઇચ્છાઓ આજ સુધી કોઇનીયે પૂરી થઇ નથી. ગમે તેટલું ધન, સંપત્તિ, વૈભવ, આયુષ્ય વિગેરે મળી જાય. અખૂટ ભોગો મળી જાય તો પણ આપણી ઇચ્છા પૂરી થશે નહિં, આ હકિકત છે.

ભૂપતભાઇના એક પુસ્તકમાં વાંચેલી વાત આવે છે કે 'એક માણસ ભગવાનને પ્રાર્થના કરતો હતો કે ' હે પ્રભુ ! મારી આજે કરેલી માંગણી તું પૂરી કરીશ તો આખી જિંદગી તારો ઉપકાર નહીં ભુલું, અને હવે પછી કાંઇ નહીં માંગું ! ! સામે ઉભેલી મર્તિમાંના ભગવાનના હોઠ ફફડયા. ભગવાન કહે 'દીકરાં ! હું તારી જેટલી વધારે ઇચ્છઓ પૂરી કરતો જઇશ તેટલો તું વધારે દુઃખી થઇશ. માટે નવી નવી ઇચ્છાઓ કરવા કરતાં, તારા દુઃખી અને અસંતોષી મનની સ્થિતિ બદલતો જા' વગર માંગ્યે તને મોકલેલ સુખ-વૈભવ માણતાં શીખ. ભગવાન પાસે કાંઇ માંગવું તેનો સીધો અર્થ એવો થાય છે કે મારું હિત શામાં છે તેની હે ભગવાન ! તારાં કરતાં મને વધુ ખબર પડે છે. માંગણી કરવા માટે જ પ્રભુ પાસે જનારા, આ રીતે ભગવાનની જ વિટંબણા કરે છે. ઉપનિષદ્, ગીતા જેવા આપણાં તેજસ્વી વારસાનું શ્રવણ, મનન, વિદિધ્યાસન કર્યા પછી ભગવદ્ ભકિતમાંથી લાચારી, માંગણવૃત્તિ અને મનની દુર્બળતા ક્રમશઃ ચાલ્યા જાય છે.

આજના કાળમાં પણ સમાંજમાં તેજસ્વી ભકિત સાકાર થયેલી હોય તેવા અનેક કુટુંબો જોવા મળે છે. જીવનની પત્રાળીમાં ભગવાને જે પ્રેમથી પીરસ્યું છે તે ટેશથી અને આનંદથી ખાતા આપણને આવડવું જોઇએ.. ભગવાનને જગદંબા સ્વરૂપે પૂંજવા લાગ્યા પછી તો શાની ચિંતા ? માને ખબર હોય છે કે મારા દીકરાને કયારે કઇ વસ્તુની જરૂર છે, અને તે પ્રમાણે પોતે આપણાં જ રહે છે.. ઠંડીના દિવસોમાં હુંફાળું પાણી સારુ લાગે તે જાણતા હોવાથી શિયાળાની ઠંડીમાં કુવામાંથી ખેંચેલું પાણી જરા હુંફાળું હોય છે. અને ઉનાળામાં ઠંડુ પાણી સારું લાગે છે તો ઉનાળામાં કુવામાંથી કાઢેલું પાણી ઠંડુ હોય છે... ભગવાન સમયે સમયે આપણને આપણા કર્મના સિદ્ધાંત મુજબ આપે જ છે પછી માંગવાની જરૂર ખરી ???

# સેવકરામની સેવા

પલ્લવીબેન જે. મિસ્ત્રી
અમદાવાદ

"સેવા કાર્યાલય" માં બેઠેલા "નિસ્વાર્થ smf સેવા " ની પ્રતિજ્ઞા લેનાર સેવકરામ, પોતાની કેબીનમાં ટેબલની સામે બેઠેલા આગંતુક બંને વ્યક્તિ ઉપર કાળઝાળ થઇ ઊઠ્યા, એમનો ગુસ્સો "સાતમા આસમાને" પહોંચી ગયો, ઘણા લોકો ગુસ્સાને "સાતમા પાતાળે" પંહોચી ગયો એવું પણ કહે છે, પણ એ એટલા માટે સાચું નથી, કેમ કે - વિજ્ઞાનના નિયમ મુજબ વસ્તુ જેમ ગરમ થાય તેમ વજનમાં હલકી થાય, અને હલકી થયેલી વસ્તુ ઉપર જ જાય, દાખલા તરીકે હવા.

ગુસ્સો પણ ગરમ હોય સામાને દઝાડે તેથી એ "સાતમા આસમાને ગયો" એમ જ કહેવાય, ભગવાન શિવ ગુસ્સે થાય ત્યારે તાંડવનૃત્ય કરે, ત્રીજું લોચન ખોલે કે બાળ ગણેશજીનું માથું વાઢી નાખે, સેવકરામ ગુસ્સે થાય ત્યારે આંખમાંથી અગ્નિ પ્રગટે, હાથની મુઠ્ઠી ટેબલ પર પછાડે, અને મોમાંથી સળગતા અંગારા જેવા જલદ શબ્દો કાઢે.

આજે પણ એમ જ બન્યું, તેઓ બોલ્યા, 'તમે સૂતરની આંટીથી મારું સ્વાગત કરવાનું કહ્યું, શું હું સૂતરની એક આંટીથી ખરીદાઈ જાઉં એવો તમને લાગુ છું ? તમારી આવી હિંમત થઇ જ શી રીતે? આ સેવકરામની  નિસ્વાર્થ સેવાનું કાર્યાલય છે, સમજ્યા ? આજે તો તમને (જીવતાં) જવા દઉં છું, પણ ફરીવાર આવી હિંમત કરી છે તો મારા જેવો ભૂંડો બીજો કોઇ નથી, હા."

સેવકરામનું આ છેલ્લું વાક્ય સાવ સાચું છે, એવું પેલા બંનેને લાગ્યું, પણ એ વાત ન સમજાઈ કે એમના પ્રસ્તાવમાં ગુસ્સે થઇ જવા જેવી શી વાત છે ? બંનેની નજર સામેના બોર્ડ 'અહિંસા પરમો ધર્મ ' પર પડી, અને બંનેને પોતાના જીવ સલામત લાગ્યા. શેઠે એક બટન દબાવ્યું અને બારણે પટાવાળો પ્રગટ થયો. શેઠ બોલ્યા "આમને મિસ પંડિત પાસે લઇ જા".

"ભલે સાહેબ પટાવાળાએ સેવકરામને કહ્યું અને પછી, બંનેને "આવો સાહેબ" કહીને આવકાર્યા, અને મિસ પંડિતની કેબીનમાં લઇ ગયો. મિસ પંડિત યુવાન, સુંદર અને હસમુખી હતી, તેણે હસીને બંનેને આવકાર્યા અને સામેની ખુરશીમાં બેસવા કહ્યું, અને પછી પટાવાળા પાસે એમને માટે પાણી મંગાવ્યું. "બોલો, કેમ આવવું થયું મિસ પંડિતે બત્રીસી બતાવતા પૂછ્યું. આ પ્રશ્ન સાથે જ કહેવું કે ન કહેવું ની દ્વિધામાં બંને જણ પોતાની ખુરસીમાં સંકોચાયા. સંકોચ શીદને કરો છો, જે કહેવું હોય તે ખુશીથી કહો. મિસ પંડિત બોલી.

બંનેએ જોયું કે આમને વાત કહેવામાં કોઈ જોખમ નથી એટલે બંને બોલ્યા, ગાંધીજીની જન્મજયંતી, એટલે કે  બીજી ઓક્ટોબરના દિવસે, અમારા ગામના પુસ્તકાલયનો ઉદઘાટન વિધિ રાખ્યો છે. આ પ્રસંગે અતિથી વિશેષ તરીકે સેવકરામને બોલાવવા એવી બધાની મરજી છે. સેવકરામજી ગાંધીજીના આદર્શો વિષે કશુક કહે તો લોકોનું જીવન સુધરે એવો અમારો ઉદ્દેશ છે. તમારો ઉદ્દેશ તો સરસ છે, આમાં વાંધો ક્યાં નડ્યો ? મિસ પંડિત બોલી.

એ તો અમને પણ ખબર ન પડી, અમે તો સાવ સીધો સાદો પ્રસ્તાવ જ મૂક્યો હતો, અમને તો સાવ સીધો સાદો સવાલ લાગે છે, કિન્તુ આમાં પણ તમને તો દાવ લાગે છે. આવા મતલબની એક પંક્તિ મેં ક્યાંક વાંચી હતી ખરી. જે સાંભળીને સેવકરામનું સ્મિત અદ્રશ્ય થઇ ગયું, ભવાં ધનુષ્યની પણછની જેમ ખેંચાયા અને ભઠ્ઠીમાંથી ધાણી ફૂટે એમ મોમાંથી શબ્દો ફૂટવા લાગ્યા. બંને બોલ્યા.

મિસ પંડિત આ સાંભળીને રૂપાની ઘંટડીના રણકાર જેવું મજાનું હસી પડી, પટાવાળાને બોલાવી બંને માટે  ચા-નાસ્તો મંગાવ્યા, બંને એ આનાકાની કરી તો એમને "ગાંધીજીના સોગન" આપ્યા, ધભરાઈને બંને જણ ચાના ઘૂંટ ગળા નીચે ઉતારી ગયા. મિસ પંડિતે ઇન્ટરકોમ પર સેવકરામ સાથે વાત કરી અને બંનેને કહ્યું સેવકરામ ઉદઘાટનમાં આવશે,  તમે કહો એ મુજબ ભાષણ પણ કરશે.

પેલા બંને તો આશ્ચર્યથી અવાચક થઇ ગયા.'હમણા ઘડીભર પહેલાં તો પોતાના પ્રસ્તાવથી સેવકરામ અત્યંત ગુસ્સે થઇ ગયેલા, પોતાને 'પાણીથી પણ પાતળા' કરી નાખેલા, તે હવે કેવી રીતે આવવા તૈયાર થઇ ગયા હશે ? 'હશે, મોટા માણસની મોટી વાતો' એમ સમજીને બંને ચુપ રહ્યા, અને હાથ જોડીને કહ્યું, 'અમે તો આશા જ મૂકી દીધી હતી, આપનો ઘણો આભાર.'

'એમાં આભાર શાનો ? મેં તો મારી ફરજ બજાવી, હવે તમારો વારો, તમે તમારી ફરજ બજાવો.' મિસ પંડિત બોલી. 'મતલબ

?' બંને એની સામું તાકી રહ્યા. 'મતલબ, સેવકરામ જેવા મોટા માણસ કંઇ એમ ને એમ તમારે ત્યાં ભાષણ કરવા થોડા જ આવે ? તમારે પ્રસાદીરૂપ કંઇક તો આપવું પડે ને ?' પહેલા તો બંનેને સમજતા વાર લાગી પણ પછી - 'કેટલા આપવાના ?' એમ પૂછીને બંને એ ચોખવટ કરી જ લીધી.

'વધારે નહીં, માત્ર પાંચ હજાર રૂપિયા અને એમને લાવવા લઇ જવા કાર, શાલ ઓઢાડીને સન્માન,' 'પાંચ હજાર રૂપિયા ?' 'હા, રેંટીયાવાળા ગ્રુપ તો છ હજાર અને દારૂબંધીવાળા ગ્રુપ તો સાત હજાર સુધી આપે છે' 'ભલે વિચારીને જણાવીશું' કહીને બંને ઊઠીને ત્યાંથી ચાલતા થયા. ત્યાર પછી સેવકરામ રોજે રોજ સેક્રેટરીને પૂછવા લાગ્યા, 'મિસ પંડિત, પેલા બંનેનું શું થયું પછી, કંઇ ફોનબોન આવ્યો કે નહીં ?' મિસ પંડિતે માથું ધુણાવીને ના કહી તો સેવકરામ એના પર ખીજવાઇ ગયા. 'સેક્રેટરી તરીકે તને રાખી શું કામ ? માણસ જોઇને માપ કાઢવું જોઇએ ને ? કેસ આપણા હાથમાંથી સરકી જાય જ કેમ ?'

મિસ પંડિત બોલી, 'મને તો લાગ્યું કે લોકો પાસેથી ફાળો ઉઘરાવશે તો સહેજે પાંચ હજાર તો એ લોકો ભેગા કરી જ લેશે, મને શું ખબર કે એ લોકો પાછા આવશે જ નહીં' 'પેલા રેંટીયાવાળા અને દારૂબંધીવાળા નું શું થયું ?' 'એ લોકો પહેલાં તો ફોન પર કહેતા હતા કે થોડા દિવસમાં કહીએ, પણ હવે તો ફોન પણ ઉપાડતા નથી, પટાવાળાને મોકલું પૂછવા ?' મિસ પંડિતે ડરતા ડરતા સેવકરામ ને પૂછ્યું.

'ના, રહેવા દે. મને લાગે છે કે મારે જ હવે કંઇક કરવું પડશે, ભાવ ઘટાડવા પડશે. આ બધા તો તદ્દન મુફલીસ, કડકાબાલૂસ, ભીખારી જેવા થઇ ગયા છે.' એમ બબડતા બબડતા સેવકરામ 'નિસ્વાર્થ સેવા' કાર્યાલયની પોતાની કેબીનમાં જતા રહ્યા.

## શ્રી લીલાવતી છગનલાલ મેમોરીયલ ટ્રસ્ટ

શ્રી લીલાવતી છગનલાલ મેમોરીયલ ટ્રસ્ટના ૧૭માં વર્ષે ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો છે. જેમાં આ વર્ષે કુલ ૪૯ અરજીઓ મળી હતી તેમાંથી ૪૮ અરજીઓને માન્યતા અપાય હતી.. જેમાં વિધવા સહાયમાં - ૨૧, નિરાધાર સહાયમાં-૧૧, ઉચ્ચ શૈક્ષણિક સહાયમાં - ૧૦(૫ વિદ્યાર્થી અને ૫ વિદ્યાર્થીની), વૈદકિય સહાય-૪ અને વિકલાંગ સહાયમાં ૨ અરજીઓ આવી હતી. જેમાં નીચે મુજબની અરજીઓ મંજુર કરવામાં આવી હતી..

મુંબઇ-૭, બીલીમોરા-૫, ગણદેવી-૨, અજરાઇ-૧, ખડસુપા-૨, નવસારી-૪, સુરત-૪, અંકલેશ્વર-૧, ભરૂચ-૩, બરોડા-૧૦, રાજપીપલા-૫ અને છોટાઉદેપુર-૪ અરજીઓ મંજુર કરવામાં આવી છે. આમ અલગ અલગ અન્ય વિવિધ એકમોના સભ્યોને લાભ આપ્યા છે. આ વર્ષે માન્ય કરવામાં આવેલ દરેક અરજીના સભ્યોને રૂા. ૧,૦૦૦/-ની સહાય આપવામાં આવી છે...

શ્રી લીલાવતી છગનલાલ મેમોરીયલ ટ્રસ્ટ

## એકવાર જાવુ હરિના ધામમાં

વડોદરા નિવાસી અને વડોદરા સમાજના ના માજી ઉપપ્રમુખ તેમજ ખજાનચી અને સનિષ્ઠ કાર્યકર્તા ગજેન્દ્રભાઇ વલ્લભભાઇ મપારાનું તા. ૧૬.૦૮.૨૦૧૭ ના રોજ હરીના ધામમાં ગયા.





સુરત નિવાસી અ.સૌ.ચંદ્રિકાબેન નરેન્દ્રભાઇ પંચોલી તા. ૨૫.૦૮. ૨૦૧૭ ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૬૦

મુંબઇ નિવાસી ગં.સ્વ. કાંતાબેન બળવંતરાય મિસ્ત્રી તા. ૦૯.૦૮. ૨૦૧૭ ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૮૫



# શ્રી સમસ્ત પંચોલી સુથાર પંચની ધર્મશાળા,ઉનાઈ

# વર્ષ ૨૦૧૬-૨૦૧૭નો વાર્ષિક હિસાબ

## આવક-જાવક ખાતુ

### તા. ૦૧.૦૪.૨૦૧૬ થી તા. ૩૧.૦૩.૨૦૧૭

| રકમ | આવક | રકમ | જાવક |
|---|---|---|---|
| ૨૧,૬૦૦.૦૦ | શ્રી દુકાન ભાડાની આવક | ૭,૪૦૦.૦૦ | સામાન્ય સભા ખર્ચ |
| ૩૫,૭૦૦.૦૦ | શ્રી વાડી ભાડા આવક | ૧,૧૯૯.૦૦ | પંચાયત વેરો |
| ૧,૨૦૧.૫૨ | શ્રી વ્યાજ આવક | ૧,૪૭૦.૦૦ | વિદ્યુત બળતણ ખર્ચ |
| ૧,૧૮૫.૦૦ | શ્રી ભંગાર વેચાણ આવક | ૩૦૦.૦૦ | વાડી સફાઇ ખર્ચ |
| | | ૫૧૫.૦૦ | ટપાલ સ્ટેશનરી ખર્ચ |
| | | ૮,૩૪૦.૦૦ | પગાર ખર્ચ<br>૧,૨૦૦.૦૦ ૧૨ માસનો પગાર<br>૭,૧૪૦.૦૦ કમીશન ૨૦% (૩૫૭૦૦x૨૦)<br>૮,૩૪૦.૦૦ |
| | | ૪૦,૪૬૨.૫૨ | આવકનો વધારો સરવૈયા ખાતે |
| ૫૯,૬૮૬.૫૨ | | ૫૯,૬૮૬.૫૨ | |

### તા. ૦૧.૦૪.૨૦૧૬ થી તા. ૩૧.૦૩.૨૦૧૭ સરવૈયુ

| રકમ | ફંડો અને જવાબદારી | રકમ | માલ-મિલ્કત |
|---|---|---|---|
| ૧૮,૭૬,૯૭૧.૦૦ | શ્રી ફાળા ખાતે | ૨૫,૩૧,૪૪૭.૦૦ | શ્રી મિલ્કત ખાતે<br>૨૫૦૦૯૩૭.૭૦ ૩૧.૩.૧૬ ચાલુ વર્ષના<br>૩૦૫૧૦.૦૦ ચાલુ વર્ષના<br>૨૫,૩૧,૪૪૭.૦૦ |
| | | ૨,૧૪,૫૮૦.૨૫ | શ્રી સાધનોનું ખાતું. |
| ૯,૧૯,૨૩૪.૨૨ | શ્રી ધર્મશાળા સ્થાય ફંડ ખાતુ<br>૮,૭૮,૭૭૧.૭૦ ગત વર્ષ<br>૪૦,૪૬૨.૦૦ ચાલુ વર્ષ<br>૯,૧૯,૨૩૪.૦૦ | ૫,૬૯૩.૦૦ | B.O.I. વ્યારા સેવિંગ્સ ખાતુ |
| | | ૪૦,૩૧૧.૦૦ | દેના બેંક વ્યારા સેવિંગ્સ ખાતુ |
| | | ૯,૩૩૩.૦૦ | બેંક ઓફ બરોડા ઉનાઇ સેવિંગ્સ ખાતુ |
| | | ૯,૮૪૦.૦૦ | હાથ પર સિલક |
| ૧૫,૦૦૦.૦૦ | દુકાન ટ્રાન્સફર ફી | | |
| ૨૮,૧૧૨,૦૬.૦૭ | | ૨૮,૧૧૨,૦૬.૦૭ | |

સુમનભાઇ એમ. મિસ્ત્રી
પ્રમુખ

ભરતભાઇ સી. પંચોલી
મંત્રી

નિતિનભાઇ એમ. ગાંધી
ઉપપ્રમુખ

હર્ષવદન પી. મિસ્ત્રી
સહમંત્રી

**ઉનાઇ વાડીમાં રોકાવવા ઈચ્છતા જ્ઞાતિજનોએ સંપર્ક કરવો.**
**બચ્ચનસીંગ - ૯૦૯૯૮૪૩૬૪૦**

# દિપોત્સવી અંક - ૨૦૧૭

| | | | | | |
|---|---|---|---|---|---|
| ☐ | દિપોત્સવી નવયુગ અંક અર્પણ | ₹ ૩,૦૦૦/- | ☐ | મલ્ટીકલર | ₹ ૭,૦૦૦/- |
| ☐ | કલર પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૨,૦૦૦/- | ☐ | બીજુ કવરપેજ | ₹ ૯,૦૦૦/- |
| ☐ | સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- | ☐ | ત્રીજુ કવરપેજ | ₹ ૮,૦૦૦/- |
| ☐ | અડધુ પેજ (એક ફોટા સાથે-૮૦૦/-) | ₹ ૭૫૦/- | ☐ | ચોથુ કવરપેજ | ₹ ૧૦,૦૦૦/- |
| ☐ | પા પેજ (ફોટા સાથે-૪૫૦) | ₹ ૪૦૦/- | | | |

**(પા પેજ, અડધા કે આખા પેજ માં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)**

આ સાથે ઉપર ☑ કરેલ જાહેરાતના રૂા....................રોકડા ('શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર **014710003655 IFSC code Bkdn 0210147** માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...)

શુભેચ્છા સંદેશ : ..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

ઘરના સભ્યો ના નામો. (૧)..........................................................................

(૨)....................................................... (૩) .......................................................

(૪)....................................................... (૫) .......................................................

(૬)....................................................... (૭) .......................................................

(૮)....................................................... (૯) .......................................................

સરનામુ : ..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

પીન .................................... ફોન : (ઘર)..............................(ઓ)..............................

મોબાઈલ ..........................................................................................

પા પાનાની જાહેરાતમાં લિમીટેડ મેટર લેવામાં આવશે.

પ્રમુખ/મંત્રી/ખબરપત્રી તથા જ્ઞાતિજનોને વિનંતી કે આપની જાહેરાત આ ફોર્મમાં ભરીને જ મોકલવા વિનંતી

**આપની જાહેરાત મોકલવાની છેલ્લી તા. ૨૦.૦૯.૨૦૧૭ પહેલા મોકલાવશો...**

**જાહેરાત મોકલવાનું સ્થળ તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી**

અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩ અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, ડો. બેંક રોડ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર

**મો : ૯૮૨૪૧ ૭૧૯૩૦, ૯૮૨૪૦ ६४२८२**

**વધારાની મેટર પાછળ લખી મોકલશો.....**

# શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

સ્થાપના વર્ષ-૧૯૭૨(રજી. નં. એ/૧૮૨૨/ભરૂચ)

સંચાલિત

## વિધવા/નિરાધાર/આર્થિક/વિકલાંગ સહાય અરજી પત્ર

❖ અરજદારનું નામ :..........................................................................................................

અરજદારની ઉંમર : .................. વ્યવસાય : .......................................................................

❖ અરજદારનું પત્ર વ્યવહારનું સરનામું : ........................................................................

..........................................................................................................................

..................................................................... પીનકોડ નં. : ..........................................

❖ ફોન નં. (ઘર) ......................... (ઓ) ............................મો ...............................................

❖ કુટુંબના સભ્યની આવક વિગત :

| ક્રમ | નામ | ઉંમર | અરજદાર સાથેનું સગપણ | માસિક આવક |
|---|---|---|---|---|
| ૧ | .......................................... | .......... | ...................... | ................. |
| ૨ | .......................................... | .......... | ..................... | ................. |
| ૩ | .......................................... | .......... | ...................... | ................. |

